# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે સંકળાયેલ તમામ શાળાઓને જણાવવામાં આવે છે કે વર્ષ-૨૦૨૬ ની બોર્ડની જાહેર પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા આગામી દિવસોમાં શરૂ થનાર છે. તે સંદર્ભે પરીક્ષાના આવેદનપત્રો ભરતા પહેલા School Registration અને પરીક્ષણ કાર્ય માટે Teacher Registration ની પ્રક્રિયા પૂર્ણ કરવી ફરજીયાત છે. School Registration અને Teacher Registration ની પ્રક્રિયા નીચેની વેબસાઈટ પર ઓનલાઈન નીચે દર્શાવેલ તારીખોથી શરૂ કરી શકાશે.

(૧) **School Registration** માટે :-
schoolreg.gseb.org
તારીખ :- (૩૦/૦૮/૨૦૨૫)

(૨) **Teacher Registration** માટે :-
teacherreg.gseb.org
તારીખ :- (૩૦/૦૮/૨૦૨૫)

ચાલુ વર્ષે નોંધાયેલ તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. હાલ ચાલુ શાળાઓએ માહિતી અદ્યતન (Update) કરવાની રહેશે.

જેમાં School Registration માં મુખ્યત્વે :-

ચાલુ વર્ષના તમામ ધોરણના ચાલુ વર્ગોના માધ્યમવાર વિદ્યાર્થીઓની સંખ્યા અચુક ભરવાની રહેશે તથા શાળાનું નામ અને સરનામાની ખરાઈ કરવાની રહેશે. જો તેમાં કોઈ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. ચાલુ વર્ષે જે શાળાઓને નવા Index Number ફાળવવામાં આવ્યા છે તે શાળાઓએ તેમની ક્રમિક વર્ગની અરજી સમયે જે Email ID ભરવામાં આવ્યું હતું તે જ Email ID પર “Password” મોકલી આપવામાં આવેલ છે. જો Email ID ભરવામાં ભૂલ કરેલ હોય તો પાસવર્ડ મેળવવા માટેની રજૂઆત શાળાના લેટરપેડ પર gsebhelp@gmail.com Email ID પર મોકલી આપવાની રહેશે.

તેમજ Teacher Registrationમાં શિક્ષકોની માહિતી અદ્યતન કરવાની રહેશે. જેમાં મુખ્યત્વે

(૧) નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવા
(૨) છુટા થયેલ / રીટાયર્ડ થયેલ / રાજીનામું આપેલ શિક્ષકો Inactive કરવા
(3) શિક્ષકશ્રીઓના હાલ ભણાવતા વિષય તેમજ અનુભવની વિગત, તેમના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અનુભવની વિગત તથા કુલ અનુભવની વિગત ચોકસાઈપૂર્વક સુધારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી છે.

સમગ્ર Data ની ચકાસણી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કરવામાં આવનાર છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૩૦/૦૮/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર

# (Frequently Asked Questions For School Registration)

1. શાળાની વિગતોમાં કેટલીક વિગતોનો સુધારો ફક્ત બોર્ડ કક્ષાએથી કરવાની જોગવાઇ છે(દા.ત.શાળાનું નામ/શાળાનું સરનામું/ટ્રસ્ટની વિગત). ઉક્ત વિગતોમાં સુધારો હોય તો gsebhelp@gmail.com પર ઈ-મેઈલ મારફતે ફેરફારના સુધારાના જરૂરી આધાર અને સુધારાની વિગત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી/સિક્કા સાથે મોકલી આપવાના રહેશે.
2. આચાર્યશ્રીની વિગત, આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી શાળા કક્ષાએથી જ સુધારો કરવાની જોગવાઇ છે, આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ મારફતે શાળા રજીસ્ટ્રેશનની વેબસાઈટ schoolreg.gseb.org પર Login કર્યા બાદ શાળા કક્ષાએ થી જ સુધારો કરી શકાશે. આચાર્યશ્રીની વિગત, આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી વિગતો બદલવાની થતી હોય અને Login કરવા માટે શાળાનો પાસવર્ડ શાળા પાસે ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આચાર્યશ્રીનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડીની વિગતમાં સુધારો કરવા માટેની રજૂઆત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી / સિક્કા સાથે gsebhelp@gmail.com પર ઈ-મેઈલ મારફતે મોકલી આપવાનું રહેશે.
3. જો શાળાને ચાલુ વર્ષ-૨૦૨૫ થી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં નવા માધ્યમ કે નવા પ્રવાહની મંજૂરી મળેલ હોય અને ઓનલાઇન શાળા રજીસ્ટ્રેશનમાં વિસંગતતા જણાય તેવા કિસ્સામાં મંજૂરીના કાગળના આધારો સાથે વિગત શાળાના લેટરહેડ પર શાળાના સંચાલકશ્રીના સહી / સિક્કા સાથે મોકલી આપવાની રહેશે.
   - ચાલુ વર્ષ-૨૦૨૫ માં જે શાળાને ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નવા માધ્યમ કે નવા પ્રવાહની મંજૂરી મળેલ હોય તેવી શાળાને આવતા વર્ષ-૨૦૨૬ માં શાળા રજીસ્ટ્રેશનમાં અપડેટ કરવાનું રહેશે.

**ફક્ત ઉપરોક્ત બાબતો માટેની રજૂઆતો માટેનું Email ID: gsebhelp@gmail.com**